# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહમાં સંબોધન કરશે.

2) કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહ આજે મુંબઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ લિમિટેડના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે.

3) સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં પ્રદર્શનકારીઓના મોતની નિષ્પક્ષ તપાસની માંગને સમર્થન આપ્યું.

4) ભારતે ભૂતાન અને શ્રીલંકા સાથે વીજ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગ અંગે સમીક્ષા બેઠક કરી.

5) ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંધાએ અમેરિકામા યોજાયેલી રેપિડ અને બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ જીતી.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. PM - IIT DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે IIT દિલ્હીના 57મા દીક્ષાંત સમારોહમાં સંબોધન કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે IIT દિલ્હીએ સંશોધન અને નવીનતાના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે આ અગ્રણી સંસ્થાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીમાં સામેલ થવાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં IIT દિલ્હીના નિયામક રંજન બેનર્જીએ જણાવ્યું હતું કે, 30 દેશો સાથે 88 આંતરરાષ્ટ્રીય કરારો વિદેશી યુનિવર્સિટીઓ સાથે સંશોધન અને શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ........

## VC- SHIVANG

# MEA- BRIEFING

ભારતે વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક અંગે અમેરિકાના સાંસદોના વાંધાને નકારી કાઢ્યો છે. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ દેશની આંતરિક કાયદાકીય બાબત છે અને સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે.

## BYTE - RANDHIR-FCRA

ભારતીય જહાજો અને ખલાસીઓની સલામતી અંગે શ્રી જયસ્વાલે જણાવ્યું કે ભારત આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે

## BYTE: MEA WATERWAYS-SI

પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરેબિયા વચ્ચેના સંરક્ષણ કરારો અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત તેના પર ખાસ નજર રાખી રહ્યું છે. પાકિસ્તાન અને સોમાલિયા વચ્ચેના તાજેતરના સંરક્ષણ કરાર અંગે પણ ભારત નજર રાખી રહ્યું છે.

# AMIT SHAH-NUCFDC OFFICE

ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહ આજે મુંબઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ દ્વારા આયોજિત એક પરિષદને સંબોધિત કરશે. તેઓ નિગમના નવનિર્મિત કાર્યાલયનું ઉદ્ઘાટન પણ કરશે. આ પરિષદ BSE ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. આ પરિષદમાં શહેરી સહકારી બેંકો, રાજ્ય સહકારી ફેડરેશન, નીતિ નિર્માતાઓ અને અન્ય હિસ્સેદારોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ પરિષદમાં સહકારી બેંકિંગ પ્રણાલીને મજબૂત બનાવવા અને દેશમાં આત્મનિર્ભર સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરવામાં આવશે.

# ISRAEL INDIA

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ દ્વિપક્ષીય ભાગીદારીના વિવિધ પાસાઓમાં પ્રગતિની સમીક્ષા કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો. શ્રી નેતન્યાહૂએ ગઈકાલે શ્રી મોદીની સોશિયલ મીડિયા પોસ્ટના જવાબમાં આ વાત કહી હતી. ગુરુવારે ટેલિફોન વાતચીત દરમિયાન બંને નેતાઓએ ભારત-ઇઝરાયલ ખાસ વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરી. તેમણે પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી.

પ્રધાનમંત્રી કાર્યાલયના જણાવ્યા મુજબ વાતચીત દરમિયાન બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# UN CHIEF-PoJK

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં પ્રદર્શનકારીઓના મોતની નિષ્પક્ષ તપાસની માંગને સમર્થન આપ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના નાયબ પ્રવક્તા ફરહાન હકે કહ્યું કે જો શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને નુકસાન થયું હોય, તો જવાબદારોને જવાબદાર ઠેરવવા જોઈએ.

અગાઉ રાષ્ટ્ર સંઘના માનવાધિકાર વડા વોલ્કર તુર્કે અશાંતિ દરમિયાન થયેલા તમામ મૃત્યુની તાત્કાલિક, નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસની માંગ કરી હતી, જેમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો બંનેના મૃત્યુનો સમાવેશ થાય છે. પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં કથિત ચૂંટણી અનિયમિતતાઓ અને સ્થાનિક વિધાનસભા ચૂંટણીઓમાં બહારના લોકો માટે બેઠકો અનામત રાખવા સામે વિરોધ પ્રદર્શન ચાલુ છે.

હેવાલો અનુસાર, સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિના નેતૃત્વમાં તાજેતરના વિરોધ પ્રદર્શનોમાં લગભગ 50 લોકો માર્યા ગયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA- BHUTAN MEETING

ભારત અને ભૂતાને પાવર ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય પાવર, આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે ગઈકાલે નવી દિલ્હીમાં ભૂટાનના ઉર્જા અને કુદરતી સંસાધન મંત્રી લિયોનપો જામ ત્શેરિંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

બંને નેતાઓએ વર્તમાન સહયોગની સમીક્ષા કરી હતી અને જળવિદ્યુત વિકાસ, સરહદ પાર વીજ વેપાર, ટ્રાન્સમિશન કનેક્ટિવિટી, નવીનીકરણીય ઉર્જા અને ક્ષમતા નિર્માણ અંગે ચર્ચા કરી.

# INDIA- SRI LANKA MEETING

ભારત અને શ્રીલંકાએ નવી દિલ્હીમાં વીજ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કેન્દ્રીય વીજ અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે કર્યું હતું. શ્રીલંકાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ બંદરો અને નાગરિક ઉડ્ડયન અને ઉર્જા મંત્રી અનુરા કરુણાથિલેકે કર્યું હતું.

બંને મંત્રીઓએ પ્રસ્તાવિત ભારત-શ્રીલંકા હાઇ વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ ઇન્ટરકનેક્શન અને સંપુર સૌર ઉર્જા પ્રોજેક્ટ સહિત વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી.

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન અને ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ ઉત્તરપ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, પૂર્વ મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, કોંકણ, ગોવા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કેરલમ, માહે અને ઉત્તર પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે. વિભાગે આજે લક્ષદ્વીપ, ઉત્તર આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં વીજળી અને તોફાન સાથે વાવાઝોડાની આગાહી છે.

# CHESS-PRAGGNANANDHAA

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંધાએ અમેરિકાના સેન્ટ લુઇસમાં યોજાયેલી રેપિડ અને બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ જીતી લીધી છે. 20 વર્ષીય પ્રજ્ઞાનંધાએ 23.5 પોઈન્ટ મેળવીને એક રાઉન્ડ પહેલા જ પોતાનો વિજય નિશ્ચિત કર્યો હતો. ઉઝબેકિસ્તાનના જાવોખિર સિંદારોવ બીજા સ્થાને અને અમેરિકાના વેસ્લી સો ત્રીજા સ્થાને રહ્યા હતા. આ જીત સાથે પ્રજ્ઞાનંધ ગ્રાન્ડ ચેસ ટૂર રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયા છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે.
- દિવ્ય ભાસ્કર લખે છે બિગબીનું મહા રોકાણ- ગિફ્ટ સિટી પાસે 10 લાખ ચોરસ ફુટમા 2 હજાર કરોડનો અલ્ટ્રા લકઝરી મિક્સડ યુઝ પ્રોજેક્ટ,,,,,અમરનાથ યાત્રા માટે હવામાન ચોખ્ખુ છતા પહેલગામ માર્ગ હજુ પણ બંધ....
- ગુજરાત સમાચારની હેડલાઈન છે એઆઈ જોખમી- 16 નવા ઘાતક વાયરસ બનાવ્યા..ઝારખંડનુ વિદ્યાર્થી આંદોલન યથાવત સરકાર સાથે બેઠકમા નિવેડો નહીં..
- સંદેશ પ્રથમ પાને લખે છે વડાપ્રધાન મોદી દેશના યુવાનોમા સર્વાધિક લોકપ્રિય ધરાવતા નેતા..